ગાંધીનગર સમાચાર

## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

world mental health day




જો.... અરબી સમુદ્ર પણ ડિપ્રેશન અનુભવવા લાગ્યો છે....!!!

# આજે ભરત નાટ્યમ્ ક્ષેત્રે ત્રણ યુવતીઓનું એક સાથે આરંગેત્રમ

### કોમર્સ પોસ્ટ ગ્રેજન્યુએટ મિતલ રાણા, કોમ્પ્યુટર એન્જિનીયરીંગની વિદ્યાર્થીની ડૉલી શિશુ અને પાયલોટ ટ્રેઈની નિધિ રાઠોડનું સંયુક્ત આરંગેત્રમ

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરમાં ભરત નાટ્યમ્ ક્ષેત્રે વધુ ત્રણ નર્તકીઓ આરંગેત્રમ કરવા જઈ રહી છે. નગરના ટાઉનહોલ ખાતે તા. ૧૧મી ઓક્ટોબર રવિવારે બપોરે ૩ કલાકે આરંગેત્રમ કાર્યક્રમ યોજાશે. જેમાં મિતલ રાણા, ડૉલી શિશુ તથા નિધિ




રાઠોડ એમ ત્રણ યુવતીઓના કલાગુરૂ અમીબેન વંકાણીના માર્ગદર્શન હેઠળ આરંગેત્રમ પ્રસ્તુત કરશે.

આ પ્રસંગે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલના આચાર્ય ફાધર હેક્ટર પીન્ટો, ભાવનગર તથા ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ પ્રો. એન. આર. દવે તથા ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાન્ત જ્હા ઉપસ્થિત રહી આર્શિવચન પાઠવશે. ગાંધીનગરમાં ૧૭ વર્ષથી નૃત્યકલા ભરત નાટ્યમ સંસ્થા દ્વારા અત્યાર સુધીમાં ૨૦૧ નૃત્યાંગનાઓને આરંગેત્રમ કરાવનાર કલાગુરૂ અમીબેન વંકાણીના માર્ગદર્શનમાં યોજાનાર આ કાર્યક્રમમાં ગાયક પી.એમ. રામકુમાર મારા અને મૃદગં પર દિનેશકુમાર તથા વાયોલીન વાદક હેમંતભાઈ સાધુ સેવાઓ આપશે.

આરંગેત્રમ દ્વારા ભરત નાટ્યમ્ ક્ષેત્રે પ્રથમ મુકામ સર કરવા જઈ રહેલ નૃત્યાંગના મિતલ રાણા કોમર્સના પોસ્ટ ગ્રેજ્યુએટ છે, ૨૨ વર્ષીય ડૉલી શિશુ કોમ્પ્યુટર એન્જિનીયરીંગના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરે છે. જ્યારે ૨૦ વર્ષીય નિધિ રાઠોડે ઈન્ડસ એવિએશન ખાતે પાયલોટની ટ્રેનિંગ લઈ વધુ અભ્યાસ અર્થે કેનેડા જનાર છે. ત્રણે યુવતીઓએ વર્ષો સુધી કઠીન કથ્થક નૃત્ય સાધના કરી છે.

# નવરાત્રીનો ફાળો ઉઘરાવવા બાબતે પેથાપુરમાં હત્યા

### માથામાં લાકડી મારીને યુવાનની હત્યા કરી દેનાર બે સગા ભાઈઓની ધરપકડ

ગાંધીનગર નજીક આવેલા પેથાપુર ગામના આંટાવાળા વાસમાં પાંચ દિવસ પહેલા નવરાત્રીનો ફાળો ઉઘરાવવા બાબતે બબાલ થઈ હતી. જેમાં બે સગા ભાઈઓએ મળીને એક યુવાનને માથે લાકડીઓ ફટકારતા ગંભીર રીતે ઘવાયો હતો. તેનું સારવાર દરમ્યાન અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુ થતા પેથાપુર પોલીસે બે ભાઈઓ સામે હત્યાનો ગુનો દાખલ કરી બંનેની ધરપકડ કરી લીધી છે.

પેથાપુરના આંટાવાળા વાસમાં નવરાત્રી અને જાતર કરવા માટે ફાળો ઉઘરાવાઈ રહ્યો હતો ત્યારે ૨૨ વર્ષના કાળુજી ભીખાજી દંતાણી અને તેના પડોસીઓ જગદીશ ઉર્ફે પીન્ટુ પોપટ દંતાણી તથા સંજય પોપટ દંતાણી વચ્ચે માથાકુટ થઈ હતી. જગદીશ અને સંજય બંને ભાઈઓએ મળીને કાળુજીને માથે લાકડીઓ ફટકારતા ગંભીર હાલતમાં અમદાવાદની હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં બીજે દિવસે તેનું સારવાર દરમ્યાન કરૂણ મૃત્યુ નિપજતા બંને ભાઈઓ સામે પેથાપુર પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. ગઈકાલે જગદીશની અને આજે સંજયની પેથાપુર પોલીસે ધરપકડ કરી સઘન પુછપરછ શરૂ કરી છે.



નગરમાં શનિવાર સવારે સે-૨ ઉના તેજસ જ્વેલર્સ ખાતે ચુંદડીવાળા માતાજી પધાર્યા હતા. શ્રધ્ધાળુઓમાં આસ્થાનું કેન્દ્ર બનેલા માતાજીના આગમનના સમાચારે અનેક લોકો દર્શનાર્થે ઉમટી પડયા હતા. માતાજીના શણગારમાં હરહંમેશ રહેતા ચુંદડીવાળા માતાજીએ વર્ષોથી અન્ન-જળનો ત્યાગ કર્યો છે અને આ સત્યતાની પરખ કરવા કેટલાક લોકોએ વૈજ્ઞાનિક પરીક્ષણ પણ કરાવ્યું હતું. જે કારણે માતાજીની પ્રસિધ્ધિ દેશ વિદેશમાં પણ પ્રચલિત બની હતી. આસ્થા અને શ્રધ્ધાના પ્રતિક સમા ચુંદડીવાળા માતાજીએ સૌ કોઈને આર્શીવાદ આપી થોડીક જ ક્ષણોમાં વિદાય લીધી હતી. (તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

## ખૂણે ખાંચરેથી...

● ગાંધીનગર શહેરમાં ગુજરાતી ચેનલના પ્રમોશન માટે એક મોટા સ્ક્રીન સાથેની ટ્રક ગાંધીનગરમાં છેલ્લા ત્રણ દિવસથી ફરી રહી છે.

● આજે રજાના દિવસે પણ શહેરના મેલેરિયા તંત્રએ સે. ૩, ૬, ૨૩ અને ૨૧ના ૨૩૦૦ જેટલા મકાનના ત્રણ હજારથી વધુ પાત્રોની ચકાસણી કરતાં ૬૫ જેટલા પાત્રોમાંથી એડીસના બ્રિડિંગ મળ્યા હતા.

● ગોવા તાલીમમાં ગયેલા કાઉન્સીલરો ગાંધીનગર પરત ફર્યા છે.

● ગાંધીનગર નજીકના વાવોલ ગામમાં પણ ડેન્ગ્યુએ દેખા દીધી છે.

● શહેરમાં નવરાત્રીની તૈયારીઓને અંતિમ ઓપ આપવામાં મોડી રાત સુધી સેક્ટરોમાં બેઠકોનો સિલસિલો ચાલી રહ્યો છે.

● અરબી સમુદ્રમાં લૉ પ્રેશર સિસ્ટમ ડેવલપ થઈ છે અને તેના પર હવામાન ખાતુ નજર રાખી રહેલ છે. આ સિસ્ટમ ડેવલપ થતાં જ દરિયા કિનારાના વિસ્તારોને સચેત કરી દેવામાં આવ્યા છે.



## આંખની તપાસનો કેમ્પ કોબામાં યોજાયો

તેજ આઈ સેન્ટર ગાંધીનગરના ડૉ.તેજલ દલાલ દ્વારા નવા તથા જુના કોબા ગામે આંખની તપાસના કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. નિદાન કેમ્પમાં આંખની સંપૂર્ણ તપાસ જેમ કે મોતીયો, વેલ, ઝામર, કીકી વગેરે રોગોનું માર્ગદર્શન ડૉ. તેજલ દલાલની ટીમ દ્વારા આપવામાં આવેલ હતું. ૧૮૭ દર્દીઓને તપાસીને સરપંચશ્રી-કોબા શ્રી યોગેશભાઈ નાયીએ તેમના પિતાશ્રી ભીખાભાઈના સ્મરાણાંતે મફત ચશ્માનું વિતરણ કરેલ હતું. તેજ આઈ સેન્ટર દ્વારા આંખ માટે ફ્રી હેલ્પલાઈન નં. ૦૮૦૩૦૬૩૬૪૮૦ જે માત્ર મિસ્ડ કોલ કરવાથી વિનામૂલ્યે માર્ગદર્શન અપાશે. નેશનલ લો યુનિ.ના વિદ્યાર્થીઓએ કોબા ગામે પ્રાથમિક સગવડો-જીવન ધોરણ વિષે માહિતી મેળવી હતી તેમ શ્રીયોગેશભાઈ નાયી સરપંચશ્રી કોબા ગ્રામ પંચાયતે જણાવેલ હતું.

## શ્રી મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળના હોદ્દેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૦

શ્રી મહાલક્ષ્મી નવરાત્રી યુવક મંડળની પેથાપુર ખાતે તાજેતરમાં ૮-૧૦-૨૦૧૫ ગુરૂવાર રાત્રે૯.૦૦વાગે શ્રી મહાલક્ષ્મી માતાજીના મંદિરે કંસારાફળીએ વાર્ષિક સામાન્ય સભા મળી હતી. આ બેઠકમાં ચાલુ વર્ષના હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં મંત્રી તરીકે સતત સોળમી વાર શ્રી નટુભાઈ કે. દરજી (એસ.ટી. મંત્રી)ની વરણી કરવામાં આવી હતી.

આ ઉપરાંત પ્રમુખ તરીકે ભાવસાર જનકભાઈ સી., ઉપપ્રમુખ તરીકે કમલેશભાઈ આચાર્ય (જીઈબી), સહમંત્રી તરીકે ભાવસાર રાજુભાઈ (પ્રેસવાળા) ખજાનચી તરીકે પટ્ટણી દીલીપભાઈ એન. ઓડીટર તરીકે સુરેશભાઈ શર્મા સલાહકાર તરીકે મંદિરના શ્રી સુરેન્દ્રભાઈ પુરોહિત, મેનેજર તરીકે શ્રી સુધાકરભાઈ વેલ્ડર જ્યારે કારોબારી સભ્યો તરીકે શર્મા નરેશભાઈ, સોની નટુભાઈ, સોની આકાશભાઈ, જયકુમાર પંચાલ, અજયકુમાર ચાવડા, કંસારા મહેશભાઈ, મીનાબેન ભાવસાર, અમીષાબેન ભાવસાર, અંકિતકુમાર ભાવસારની વરણી કરાઈ હતી.

આ સભામાં ગત વર્ષ ૨૦૧૩-૧૪ના હિસાબો રજુ કરવામાં આવ્યા હતા. બાદ નવરાત્રી સફળ બનાવવા ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તેમજ મોંઘવારીને અનુલક્ષીને સાદાઈથી ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું. આ સભાનું સંચાલન નટુભાઈ કે. દરજી, સુરેશભાઈ શર્મા, જનકભાઈ ભાવસાર દ્વારા કરવામાં આવ્યું હતું. તેમજ છેલ્લે આભારવિધિ મંદિરના સુરેન્દ્રભાઈ પુરોહિત દ્વારા કરવામાં આવી હતી.

## ગાંધીનગરમાં વિવેકાનંદ રથનું આગમન

શ્રી રામકૃષ્ણ મિશન અંતર્ગત વિવેકાનંદ મેમોરિઅલ વડોદરા તરફથી વિવેકાનંદના પુસ્તકોનું વાહન વિવેકાનંદ રથનું આગમન ગાંધીનગરના આંગણે કરવામાં આવ્યું છે. ગત સપ્તાહમાં સરકારી વાણિજય કોલેજ, મીના બજાર, સે-૭, સે-૧૧ તથા સીવીલ હોસ્પિટલ વિસ્તારમાં આ વાહનમાંના પુસ્તકોને લોકોનો ઉમદા આવકાર મળ્યો હતો. એક મહિના સુધી આ શહેરમાં આ વાહન ફરતું રહેશે.પ્રેરણાદાયી પુસ્તકો નગર આંગણે લોકોને ઉપલબ્ધ થશે. હાલમાં એક સપ્તાહ સુધી તા. ૧૮મી ઓકટોબર સુધી સે-૨૧ના શોપિંગ સેન્ટરના વિસ્તારમાં વિવેકાનંદ રથના માધ્યમથી વિવેકાનંદના પુસ્તકો મળી શકશે. શહેરના પાંચ કાર્યકરો સંપૂર્ણ માનદપણે સેવા આપી રહ્યા છે.

# શહેરમાં અમિતાભ બચ્ચનની વર્ષગાંઠ પૂર્વે 'કેક' કાપી ઉજવાઈ

ગાંધીનગર, તા. ૧૦

મારા ઘરના મંદિરમાં ભગવાનની મૂર્તિ સાથે અમિતાભજીનો એક નાનો ફોટો પણ હું રાખુ છુ. હું તેમનું મંદિર નહિ બનાવુ પણ મારે માટે તેઓ તેમના આરાધ્ય દેવસમા બચ્ચન સાહેબના જન્મદિનની ઉજવણી કરી હતી. અમિતાભના જન્મદિન ૧૧ ઓક્ટોબરે તેઓ બચ્ચન સાહેબને રૂબરૂ મળી લખનૌના કારીગરો દ્વારા તૈયાર કરાયેલ ૭ ફૂટ ઉંચુ અને

**અમિતાભપ્રેમી દિલીપસિંહે કેક કાપી બચ્ચન સાહેબનો બર્થ ડે ઉજવ્યો : આજે મુંબઈમાં અમિતાભને રૂબરૂ મળી ખાસ ભેટ આપશે : ૧૯૯૫થી દર જન્મ દિને અમિતાભને મળે છે : ઘરના મંદિરમાં ભગવાનની મૂર્તિ સાથે બચ્ચનસાહેબની નાની તસવીર પણ રાખે છે**

ભગવાનથી કમ નથી. હું મારી જાતને ખુશનસીબ સમજુ છુ કે હું અમિતજીને અનેકવાર મળ્યો છુ, જ્યારે પણ મળુ છુ અને તેઓ મને ગળે લગાડે છે તે ક્ષણ ખરેખર એટલી અદ્‌ભૂત હોય છે કે હું ખોવાઈ જ જાઉ છુ. આ શબ્દો છે ગાંધીનગરના એક વકીલ દિલીપસિંહ બિહોલાના જેઓ બોલીવુડના મિલેનીયમ સુપરસ્ટાર અમિતાભ બચ્ચનના ખૂબ મોટા પ્રસંશક છે.

બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચનના ગાંધીનગરના અદમ્ય આશીક વકીલ દિલીપસિંહ બિહોલાએ ઈન્ફોસીટી ખાતે કેક કાપી આશરે ૭૪ કિલો વજન ધરાવતુ ખાસ તૈલચિત્ર ગીફ્ટરૂપે અર્પણ કરશે. આ પ્રસંગે હાસ્ય કલાકાર હરપાલસિંહ ઝાલાએ પણ ઉપસ્થિત મહેમાનોને પેટ પકડી હસાવ્યા હતા.

ગાંધીનગરના વકીલ દિલીપસિંહ બિહોલા નાનપણથી અમિતાભ બચ્ચનના ખૂબ જ પ્રસંશક છે અને તેઓ કહે છે અમિતાભજી મારા લોહીમાં વસે છે. અગાઉ અનેકવાર અમિતાભને મળી ચુકેલા દિલીપસિંહે જણાવ્યું હતું કે જ્યારે પણ તેઓ ગળે લગાડે છે તે ક્ષણે હું ખોવાઈ જાઉં છુ. તે ક્ષણ ખૂબ જ અદ્‌ભૂત હોય છે. આજે ઈન્ફોસીટી રિસોર્ટ ખાતે યોજેલી પત્રકાર પરિષદમાં તેમણે બર્થ ડે કેક કાપી સુપરસ્ટારના જન્મ દિવસની આગોતરી ઉજવણી કરી હતી. દિલીપસિંહ બિહોલા વિઘ્ન ના આવે તેવું ઈચ્છતા દિલીપસિંહે ''અમિતાભ બચ્ચન'' શબ્દોથી બનેલ ગણેશજીના ચિત્ર સમક્ષ દીપ પ્રાગટ્ય કર્યુ હતુ. માત્ર



### ગાંધીનગર આવશે ત્યારે લીગલ ડોક્યુમેન્ટસ આપીશ

શાહપુરમાં ગીફ્ટ સીટી નજીક અમિતાભ બચ્ચને જમીન ખરીદેલી છે. આ જમીનની ખરીદીની લીગલ પ્રોસેસ ચુકી જવાનો અફસોસ હોવા છતાં દિલીપસિંહે જણાવ્યું હતું કે તેમણે આ સોદાના તમામ દસ્તાવેજની નકલ મેળવી રાખી છે. હવે જ્યારે પણ અમિતાભ બચ્ચન ગાંધીનગર આવશે ત્યારે હું તેમને આ ડોક્યુમેન્ટસ ભેટ આપીશ.

શનિવારે દર વર્ષની જેમ આ વર્ષે પણ મુંબઈ જઈ પ્રતિક્ષા બંગલો ખાતે અમિતાભને મળશે અને તેમને ખાસ ભેટ પણ આપશે. દિલીપસિંહે જણાવ્યું હતું કે આ દિવસે બચ્ચન સાહેબના લાખો પ્રસંશકો તેમને મળવા ત્યાં આવે છે અને તેઓ દરેકને એક સરખા દિલના ઉમળકાથી મળે છે, તેમનું સુપરસ્ટાર પદ તેમની આ મહાનતાના કારણે જ છે.

અમિતાભના જીવનમાં કોઈ દસ વર્ષની ઉંમરે અમદાવાદની અપ્સરા ટોકીઝમાં મુક્દર કા સિકંદર ફિલ્મ જોઈ અમિતાભના પ્રેમમાં પડનાર દિલીપસિંહ જ્યારે કોલેજમા હતા ત્યારે ટેલેન્ટ શૉ માં તમામ વિદ્યાર્થીઓ તેમના ડૉનના ટાઈટલ ગીત ગાવાની રાહ જોઈને જ બેસતા. આજના પ્રસંગે દિલીપસિંહે તેમણે અમિતાભ બચ્ચનની તસવીરોનું બનાવેલ આલ્બમ ''ધ મેમોરીઝ ઓફ અમિતાભ બચ્ચન'' પ્રદર્શિત કર્યુ હતું.




## સેક્ટર-૨૦ સરકારી પ્રાથમિક શાળામાં ડેન્ટલ ચેકઅપ કેમ્પ યોજાયો

ગાંધીનગરની સ્વૈચ્છિક સંસ્થા લીઓ ક્લબ ઓફ ગાંધીનગર દ્વારા સેક્ટર-૨૦/૧ની પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં ડેન્ટલ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ચેકઅપ કેમ્પમાં ૨૦૦ વિદ્યાર્થીઓના દાંતની ચકાસણી કરી દવા આપવામાં આવી હતી. શહેરની સેક્ટર-૨૦/૧ સરકારી શાળામાં ડેન્ટલ ચેકઅપમાં ધોરણ ૧ થી ૮ના વિદ્યાર્થીઓના દાંતમાં સડો, પેઢાની બિમારી પાયોરીયા, મોઢામાં ચાંદા, મોઢુ ખુલતુ ના હોય, વાંકાચુકા દાંત, દાંત ના હોય, પાણી પીવાથી દાંતમાં કળતર થતી હોય તે સહિતના દાંતને લગતા રોગની ચકાસણી કરવામાં આવી હતી. તમામ વિદ્યાર્થીઓને લીયો ક્લબ દ્વારા ટુથપેસ્ટ અને ટુથ બ્રસનું વિતરણ કરાયું હતું. આ કેમ્પમાં ડૉ. કૃણાલ પંડ્યાએ સેવા બજાવી હતી. આ પ્રસંગે હેમંત અડાલજા, મૌલિક પ્રજાપતિ સહિત મોટી સંખ્યામાં લીઓ સભ્યો હાજર રહ્યા હતા.


### મિલિટરી એન્જીનીયર સર્વિસ

### એચક્યુ ચીફ એન્જીનીયર (એએફ) ગાંધીનગર હેતુ ઈ-પ્રોક્યુરમેન્ટ ટેન્ડર

**ટેન્ડર એનઆઈટી નં. .......................**

ચીફ એન્જીનીયર (વાયુ સેના) ગાંધીનગર - ૩૮૨૦૪૨ ભારતના રાષ્ટ્રપતિ વતી મેસ એનલિસ્ટેડ કોન્ટ્રાક્ટરો / અન-એનલિસ્ટેડ કોન્ટ્રાક્ટરો જેઓ નીચે જણાવેલા કામ માટે યોગ્યતાના ધોરણો પુરવાર કરતા હોય તેમની પાસેથી ઈલેક્ટ્રોનીક બીડ આમંત્રિત કરે છે. જે કામ વેબસાઈટ eprocuremes.gov.in પર અપલોડ કરાશે. અથવા ૩૦ સપ્ટેમ્બર, ૨૦૧૫ બાદ અપલોડ કરાશે. સંબંધિત ઈચ્છુક કોન્ટ્રાક્ટરોને વિનંતી કે તેઓ વેબસાઈટ www.eprocuremes.gov.inની મુલાકાત લે. આ ઈ-ટેન્ડર ઈલેક્ટ્રોનિક ફોર્મમાં ક્વૉટ કરવા. મેન્યુઅલ ઓફર આ ટેન્ડર માટે કોઈપણ સંજોગોમાં સ્વીકાર કરાશે નહીં અને માત્ર ઈલેક્ટ્રોનિક ઓફર જ સ્વીકાર કરાશે. વિગતવાર માહિતી માટે વેબસાઈટની મુલાકાત લો.

| ક્ર. નં. | કામનું નામ | ટેન્ડરની અંદાજીત કિંમત |
|---|---|---|
| ૧ | પ્રોવિઝન ઓપ ૦૩ વોચ, ટાવર રિટેઈનીંગ વોલ ફોર નોર્થ એન્ડ ઈસ્ટ સાઈડ ઓફ આઈસીજીએઈ એન્ડ વોટર સપ્લાય લાઈન ફ્રોમ કમલબાગ ટુ સમ્પ એટ કોસ્ટ ગાર્ડ એટ સીજીડીએચક્યુ-૧ પોરબંદર | રૂ. ૨૪૫.૦૦ લાખ |

સહી/-
(જે. જી. ચૌહાન)
એએડી (કોન્ટ્રાક્ટ)
ચેફી એન્જીનીયર વતી

DAVP/1010211/2386/1516






**ડીજીટલ ટીવી સેવાઓના ફાયદા :** સારી પિક્ચર ક્વોલિટી ● આપની પસંદની ચેનલ ચુંટવાની આઝાદી ● માત્ર પસંદ કરેલ ચેનલ માટે જ ચુકવણી ● રૂપિયા ૧૦૦*માં પણ માસિક પેકેજ ઉપલબ્ધ ● પ્રિપેડ અથવા પોસ્ટપેડ ચુકવણીનો વિકલ્પ ● પોસ્ટ પેડ ગ્રાહકોને બિલ તથા ચુકવણીની રસીદ ● ટોલ ફ્રી નંબર પર ફરિયાદોનું સમાધાન

*કર લાગુ

ટેલીકોમ રેગ્યુલેટરી ઓથોરીટી ઓફ ઈન્ડિયા
(IS/ISO 9001:2008 Certified)
મહાનગર દૂર સંચાર ભવન,
જવાહરલાલ નહેરૂ માર્ગ, નવી દિલ્હી - ૧૧૦૦૦૨
વેબસાઈટ : www.trai.gov.in
TRAI